કેન્દ્રીય બજેટને રાજકોટ ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી દ્દ્વારા સમતુલન ગણી આવકાર...

કેન્દ્રીય નાણામંત્રીશ્રીમતી નિર્મલા સિતારામનજી દ્દ્વારા વર્ષ ૨૦૨૨ નું બજેટ રજુ કરવામાં આવ્યું છે. જેને રાજકોટ ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી સમતુલન બજેટ માની આવકારે છે. આ બજેટમાં ઘણી નિરાશાઓ સાથે આશાઓ પણ જણાઈ રહી છે. ભારત દેશના અર્થતંત્રને વધુ વેગ મળે અને આંતરરાષ્ટ્રીય સ્તરે મોખરાનું સ્થાન પ્રાપ્ત થાય તેવા પ્રયાસ માનનીય વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદીજી દ્દ્વારા અવિરત ચાલું છે.

આ બજેટમાં ખાસ કરીને આવકવેરાના દરમાં કોઈ ફેરફાર કરવામાં આવ્યા નથી, ઈન્કમટેક્ષ રીટર્નમાં સુધારા કરવા માટે ૨ વર્ષનો સમયગાળો આપેલ, કોર્પોરેટ ટેક્ષ ઘટાડી ૧૫% કરવામાં આવ્યો, સહકારી સંસ્થાઓ પરનો ટેક્ષ ઘટાડવામાં આવ્યો, MSME અને SSI ઉદ્યોગોને કોઈ ફાયદો નથી, નિકાસકારો માટે પણ કોઈ વિશેષ લાભ નથી જયારે વુમન્સ સ્ટાર્ટઅપ માટે પણ કોઈ લાભ નથી, સિનીયર સિટીઝનો કે જેઓ વર્ષોથી ટેક્ષ ભરી રહયા છે તેઓને પણ કોઈ વિશેષ લાભ મળેલ નથી, ડિફેન્સ સેકટરમાં વધારો થવાથી મેઈક ઈન ઈન્ડિયામાં લઘુ ઉદ્યોગોને ફાયદો જણાઈ રહયો છે, જયારે યુવાનો માટે રોજગારીની તકો પણ ઉપલબ્ધ થશે તેવી જાહેરાત કરાયેલ, એન્ટી ડમ્પીંગ ડયુટી ઘટવાથી સ્ટીલના ભાવમાં ઘટાડો થશે, આવાસ યોજનાઓ-નેશનલ હાઈવે તથા રોડ રસ્તાઓના ડેવલોપમેન્ટથી દેશ વધુ પ્રગતિ કરશે, હિરા અને રત્નો, ઈમિટેશન, કેમિકલ પર કસ્ટમ ડયુટી ઘટાડી, કેપિટલ ગુડઝ પર ઈમ્પોર્ટ ડયુટી ૭.૫% રહેશે, એગ્રીકલ્ચર સેકટરમાં પણ ઘણી રાહત આપેલ છે, જયારે ક્રીપ્ટો કરન્સીની આવક ઉપર ૩૦% ટેક્ષ લાગુ કરાયેલ છે. MSME ઉદ્યોગોકારો માટે બે લાખ કરોડ વધારાની મદદની જોગવાઈ કરી તે સરાહનીય પગલું માની આમ આ બજેટ મિશ્રપ્રત્યાઘાત ગણી શકાય. તેમ રાજકોટ ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રીની અખબારી યાદીમાં જણાવેલ છે.